**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના અનુદાનિત આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંક: TDD/FDD/e-file/25/2022/1010/GH**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૬/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:-અમશ/૧૫૨૦૦૦૬/૧૨૧૭/ઘ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:-અમશ/૧૫૧૦/૧૨૮૦/ઘ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અમશ/૨૦૧૯/૩૦૪/ઘ

**પ્રસ્તાવના :-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૩) પરના ઠરાવોથી, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતી કરવા બાબતે શૈક્ષણિક લાયકાત, ઉંમર અને લઘુત્તમ અનુભવના ધોરણો નક્કી કરવામાં આવેલ છે તથા ભરતી સમિતિની રચના કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના ઠરાવથી ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં ભરતી કરવા બાબતે જિલ્લા કક્ષાની ભરતી સમિતિની રચના કરવામાં આવેલ છે તથા વિદ્યાસહાયકની ભરતી માટે સંબંધિત સંસ્થા દ્વારા જાહેરાત આપવાની હોય છે. પરંતુ સદરહું ઠરાવમાં પ્રતિક્ષા યાદી અંગે કોઈ જોગવાઈ/સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ ન હોઈ, પ્રતિક્ષા યાદી તૈયાર કરવા અંગેની સૂચનાઓ બહાર પાડવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં પ્રતિક્ષા યાદી તૈયાર કરવા નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં હાજર રહેલ ઉમેદવારો પૈકી મેરીટમાં પ્રથમ ક્રમે રહેલ ઉમેદવારને નિમણૂક આપવાની રહેશે અને તે પછીના ઉમેદવારો પૈકી કુલ ૦૩ (ત્રણ) ઉમેદવારોની વિષયવાર (જે તે વિષય માટે ત્રણ ઉમેદવારો ) પ્રતિક્ષા યાદી બનાવવાની રહેશે. નિમણૂક હુકમ મળ્યા બાદ ઉમેદવારે દિન-૧૫માં હાજર થવાનું રહેશે.

(૨) ઉમેદવારને નિમણુંક આપ્યા બાદ જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં હાજર ન થાય/ લેખિતમાં બાહેંધરી આપી નિમણુંકનો હક જતો કરે તો તેના સ્થાને પ્રતિક્ષા યાદી પરના પ્રથમ ઉમેદવારને નિમણૂક આપવાની રહેશે અને પ્રતિક્ષાયાદી પરનો પ્રથમ ક્રમનો ઉમેદવાર પણ નિયત સમયમર્યાદામાં હાજર ન થાય કે પોતાનો હક જતો કરે, તેવા કિસ્સામાં તે પછીના ક્રમના ઉમેદવારને નિમણૂક આપવાની કાર્યવાહી હાથ ધરવી જોઈશે. તે મુજબ ક્રમિક વિચારણા કરવાની રહેશે.

(૩) કોઈ કિસ્સામાં મેરીટમાં પાસ થનાર અને પ્રતિક્ષાયાદી પૈકીના બધા ઉમેદવાર નિયત સમયમર્યાદામાં હાજર ન થાય/ નિમણુંકનો હક જતો કરે તો સંચાલક મંડળ દ્વારા નવેસરથી જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવાની રહેશે.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.18
18:16:06 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૪) પ્રતિક્ષા યાદીની મુદ્દત, પ્રતિક્ષા યાદી જાહેર કર્યા તારીખથી ૬ માસ સુધીની રહેશે.ત્યારબાદ સંચાલક મંડળ દ્વારા નવેસરથી જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૨/૦૬/૨૦૨૪ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(પી. એમ. પટેલ)**
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના: -**

- માન, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માન.મંત્રીશ્રી (આ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર,
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી ( **કમિશનરશ્રી(આ.વિ)** મારફતે.)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી( **કમિશનરશ્રી(આ.વિ)** મારફતે.)
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રી( **કમિશનરશ્રી(આ.વિ)** મારફતે.)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ.
- સિલેકટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.18
18:16:06 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign